# શહેરમાં સરકારી કચેરીઓની સ્વચ્છતાનું નિરીક્ષણ

## શહેરમાં સ્વચ્છતા મિશનની કામગીરીને નજરે નિહાળવા કલેક્ટર, કમિશનર, ડી.ડી.ઓ. સાથે પ્રભારી સચિવ નિકળ્યા : જાહેર મિલ્કતને પણ પોતીકી ગણી જાળવીએ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનની કામગીરી જોવા નીકળેલી ટીમને સ્વચ્છતા ઉપરાંત દબાણ તેમજ રેકર્ડ વર્ગીકરણના પ્રશ્નો આવતાં આ પ્રશ્નો પણ અભિયાનની સાથે જ હલ કરવા માટેની કડક તાકીદ કરી છે.

બે કલાકથી પણ વધુ સમય સુધી ચાલેલી આ નિરીક્ષણની કામગીરી દરમ્યાન સ્વચ્છતાનો મુદ્દો સૌથી વધુ છવાયેલો રહ્યો હતો. જાહેર સ્થાનો પરની સ્વચ્છતાને ટેવમાં પરિવર્તીત થાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

જાહેર મિલ્કતોને પણ પોતીકી મિલ્કત ગણી અને તેની નિભાવણી તેમજ જાળવણી થાય તે જોવા પ્રભારી સચિવે સૌને આગ્રહ કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છ ભારત અભિયાનના આરંભ -સંગે નગરમાં ઠેર ઠેર સ્વચ્છતા ઝુંબેશ યોજવામાં આવી હતી. આ સ્વચ્છતા ઝુંબેશ કેટલી અસરકારક રહી છે, તેનો -ત્યક્ષ અનુભવ અને સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરવાના ઉમદા આશયથી આજરોજ જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુર સહિત જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન અને મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર.ચૌધરીએ નગરના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. તેમજ સરકારી વિવિધ કચેરીઓની પણ ઓંચિતી મુલાકાત લઈ કચેરીની સ્વચ્છતાની બારીકાઈથી ચકાસણી કરી હતી.

સમગ્ર ભારત દેશમાં તા. ૨ જી. ઓક્ટોબર, ૨૦૧૪, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. આ અનોખા તથા ઉમદા અભિયાનના આરંભ દિને ગાંધીનગર શહેર

● અનુસંધાન પાન-૭ પર



### જિલ્લા પંચાયત સંકુલ સ્વચ્છ રાખો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને આજે જિલ્લા પંચાયતના ત્રણેય માળ પર ફરી અને કર્મચારીઓને સ્વચ્છતા જાળવવા માટે કડક સૂચનાઓ આપી હતી.

આજે બપોરના સુમારે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પાનની પિચકારીઓ મારી ગંદકી ફેલાવનારાઓ સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી કચેરીમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તે જોવા જણાવ્યું હતું.

તેમણે વ્યસનમુક્ત રહેવા માટે પણ કર્મચારીઓને આગ્રહ કર્યો હતો. શ્રી મેકવાને જિલ્લાના અધિકારીઓને પણ આ અંગે વિશેષ કાળજી લેવા માટે સૂચવ્યું હતું.

### સ્વચ્છતા નિધિ ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને વેગીલુ બનાવવા માટે સ્વચ્છતા નિધિ નામક ફંડ ઉભુ કરવામાં આવશે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના પંચાયત વિભાગે તાજેતરમાં એક પરિપત્ર કરી આવી સ્વચ્છતા નિધિ ઉભી કરવા માટે દરેક જિલ્લાને સૂચવ્યુ છે.

આ ઉપરાંત જિલ્લાકક્ષાએ સ્વચ્છતા મિશન સમિતિ પણ અલગથી રચવામાં આવશે. જેમાં સ્વૈચ્છીક સંગઠનો ઉપરાંત સમાજનો શ્રેષ્ઠીઓ, પંચાયતના પદાધિકારીઓ સહિત સૌને સાંકળવામાં આવશે. સ્વચ્છતા મિશન આગામી દિવસોમાં વધુ સઘન રીતે હાથ ધરવામાં આવશે.

સ્વચ્છતા નિધિ માટે પણ તંત્રના ખાસ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવશે તેમજ તેનુ સંચાલન પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે.

## એસ.ટી. ડેપોની બંધ કેન્ટીનનું નવા વર્ષે આખરે તાળુ ખુલશે

### કેન્ટીન ચાલુ કરવા ઓર્ડર આપી દેવાયો

### મુસાફરોની હાલાકીનો અંત આવશે

ગાંધીનગર, તા. ૧

લાંબા સમયના અંતે એસ.ટી. ડેપો સ્થિત કેન્ટીનનું તાળુ ખુલશે. અગાઉ કેન્ટીનનું ભાડુ ન ચુકવાતા કોન્ટ્રાક્ટ રદ કરી એસ.ટી. તંત્ર દ્વારા કેન્ટીનને તાળુ મારી દેવાયું હતું. જ્યારે ટેન્ડરપ્રક્રિયાના અંતે કેન્ટીન ભાડા પેટે ફાળવી દેવાનો ઓર્ડર કરી દેવાતા નવા વર્ષમાં હવે કેન્ટીન ફરી ધમધમતી થશે.

શહેરના હાર્દસમા ઘ-૩ વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોની કેન્ટીન અંદાજિત ૬ મહીનાથી વધુ સમયથી બંધ હાલતમાં છે. ડેપોની કેન્ટીનનું નિયમિત ભાડુ ન ચુકવાતા એસ.ટી. ડેપોના તંત્ર દ્વારા આ કેન્ટીનને તાળુ મારી કોન્ટ્રાક્ટ રદ કરી દેવાયો હતો. જ્યારે આ કેન્ટીન અન્યને ભાડાપેટે આપવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ કેન્ટીન શરૂ કરવા સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી કોઈ નિર્ણય લેવાયો ન હતો. જેના પરિણામે ડેપોમાં રોજબરોજ આવતા મુસાફરોને પણ ખાણી-પીણીની સુવિધાના અભાવ વચ્ચે હાલાકી ભોગવવી પડતી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં પણ આક્રોશ પ્રવર્ત્યો હતો. એસ.ટી. ડેપોના સૂત્રોના જણાવ્યા મુજબ કેન્ટીનને ભાડે આપવા હાથ ધરાયેલી પ્રક્રીયાના અંતે ઓર્ડર કરી દેવાયો છે. આગામી ૧૦ દિવસમાં કેન્ટીન શરૂ કરી દેવાશે. લાંબા સમયના અંતે એસ.ટી. ડેપોની કેન્ટીનનું તાળુ ખુલશે. જ્યારે અપડાઉનકર્તાઓ સહીત વિદ્યાર્થીઓની હાલાકીનો પણ અંત આવશે.

## કૈલાસધામના વૃધ્ધોના કોડિયાનો દીવો બની દિવાળીને રોશન કરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના થનગનતાં યુવાનોનું ગ્રુપ કે જે ગાંધીનગર સોશિયલ એક્ટિવીટી ગ્રુપ તરીકે કાર્યરત છે એમણે આ વખતે બિચારા બનીને ઝાંખી જિંદગી જીવતા વૃધ્ધોની દિવાળીને ઝળહળતી કરતાં વૃધ્ધાશ્રમના આંગણે પહોંચી ગયા.

આ યુવાનો માટે કૈલાસધામ અને એમના સભ્યો વૃધ્ધોને મળવાનો પ્રથમ જ મોકો હતો. મિઠાઈ ફટાકડાં સાથે આ યુવાનોએ વૃધ્ધોને ખુશખુશાલ કરી દીધાં. એમની સાથે રમત ગમત અને વિશિષ્ટ ભોજન સાથેની આતશબાજીથી વૃધ્ધોની દિવાળી સુધરી ગઈ.



આજે સમાજમાં યુવાનો એટલે માત્ર ફેસબુક અને વોટસએપને જ લાઈક કરે અને પોતાનામાં જ રચ્યા પચ્યા રહે એવી વિકટ પરિસ્થિતિ વચ્ચે આ યુવાનો કોઈ પણ નામના મોહ વગર વૃધ્ધોના કોડિયાનો દીવો બનીને એમની દિવાળી રોશન કરી દીધી.

● અનુસંધાન પાન-૭ પર

## વાવોલની નવવિકસિત સોસાયટીઓમાં ખાળકુવા ઉભરાતા રહીશો ત્રાહીમામ

### ગુડા દ્વારા ભૂગર્ભ ગટરલાઈનનું કામ પૂર્ણ પરંતુ રહીશો માટે શિરદર્દ યથાવત

ગાંધીનગર, તા. ૧

ગુડા વિસ્તારની નવ વિકસિત સોસાયટીઓમાં ગટરોની સમસ્યા પેચીદી બની છે. નગરને અડીને આવેલા વાવોલ ગામમાં ભૂગર્ભ ગટર લાઈનનું કામ પૂર્ણ થયા બાદ પણ હાલ ખાળકુવા ઉભરાતા ગંદકી ખદબદી રહી છે. વાવોલની સોસાયટીઓમાં ગટરલાઈન વ્યવસ્થા યોગ્ય ન થતા ગટરો ઉભરાવવાની સમસ્યાએ અજગર ભરડો લીધો છો.

શહેરના સેક્ટરોની સાથે ગુડા વિસ્તારમાં પણ લાંબા સમયના અંતે ગટર વ્યવસ્થા યોગ્ય ન થતા ઠેર ઠેર ખાળકૂવા ઉભરાઈ રહ્યા છે. જેના પરિણામે નવવિકસિત સોસાયટીઓમાં વસતા રહીશોએ ગંદકીની સ્થિતિ વચ્ચે ગુંગળાવાનો વારો આવ્યો છે. શહેરની નજીક વાવોલ ગામમાં પણ આવી જ સ્થિતિ છે. વાવોલમાં નવી સોસાયટીમાં અસ્તિત્વમાં આવી ત્યારે નાના ખાળકુવા બનાવવામાં આવ્યા હતા. જ્યારે હાલ આ ખાળકુવા ઉભરાતા ગંદકીની સમસ્યા શિરદર્દ સમાન બની છે. આ વિસ્તારમાં ભૂગર્ભ ગટરલાઈનનું કામ પણ મોટાભાગે પૂર્ણ કરી દેવાયું છે. રહીશોના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ગટરલાઈન લોકઉપયોગી થઈ શકી નથી. બીજી તરફ ઠેર ઠેર ખાળકુવા ઉભરાતા સોસાયટીમાં દુર્ગંધગ્રસ્ત માહોલ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા નિયમિત રીતે ખાળકૂવાની સફાઈ પણ કરવામાં આવતી નથી. વાવોલની નવ વિકસિત સોસાયટીઓમાં વધતી વસતી અને વિકાસને અનુલક્ષી રહીશોને હવે ઝડપથી ગટરલાઈનની યોગ્ય સુવિધા ઉપલબ્ધ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



સહસ્ત્રચંડી મહાયાગ - જયઅંબે પરિવાર રજતજયંતિ મહોત્સવ નિમિત્તે યોજાયેલ સહસ્ત્રચંડી મહાયાગના પૂર્ણાહુતિ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો દર્શને ઉમટ્યા હતા. ચંડીપાઠના એક હજાર પાઠના પઠન માટે ૬૫ પંડિતો જોડાયા હતા. જ્યારે હોમાત્મક પાઠમાં પણ નવકુંડ પર ૧૮ પંડિતોએ હોમાત્મક યજ્ઞવિધિ કરાવી હતી. ગાંધીનગરના ઈતિહાસમાં બહુ ઓછા સહસ્ત્રચંડી મહાયાગ યોજાયા છે ત્યારે શક્તિચોકમાં યોજાયેલ મહાયાગ નગરના ધાર્મિક ઈતિહાસમાં એક અનોખું પ્રકરણ ઉમેરશે.

### બેસણું



અમારા મોટીબા **સ્વ. મણીબેન ગલાજી ઠાકોર** તા.૧/૧૧/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૩/૧૧/૨૦૧૪ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૪-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પેથાપુર, તળપોજ વાસ, તા. જી. ગાંધીનગર. મો. : ૯૪૨૭૭૯૧૯૯૬

લિ.
**ભવાનજી શંભુજી ઠાકોર**

## પોલીસ અધિકારીની ફરિયાદ અંગે વિશેષ ઓથોરીટીની રચના

### રાજ્ય ગૃહ વિભાગ દ્વારા રચના કરાઈ : ફરિયાદો કે આક્ષેપની અરજીઓની યોગ્ય કાર્યવાહી કરવા માટે સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન ઓથોરિટીની રચના કરાઈ

ગાંધીનગર, તા.૧

રાજ્યના ગૃહ વિભાગના દ્વારા વર્ગ-૧ના નાયબ પોલીસ અધિક્ષક અને તેનાથી ઉપરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિરૂદ્ધની ફરિયાદો કે આક્ષેપની અરજીઓની યોગ્ય કાર્યવાહી કરવા માટે ગાંધીનગર ખાતે સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટસ ઓથોરીટીની રચના કરવામાં આવી છે. ઓથોરીટીના ચેરપર્સન તરીકે નિવૃત્ત મુખ્ય સચિવ જી. સુબ્બારાવ (આઈએએસ)ની નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નામદાર સુપ્રીમ કોર્ટની વર્ષ ૨૦૦૬માં પોલીસ સુધારણા સંબંધી કેટલીક માર્ગદર્શક સુચનાઓને અનુલક્ષીને બ્લોક નંબર-૧૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે આ ઓથોરીટીની સ્થાપના કરવામાં આવી છે. પોલીસ વિભાગના વર્ગ-૧ના નાયબ પોલીસ અધિક્ષક અને તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીઓ વિરૂદ્ધની ફરિયાદો કે

● અનુસંધાન પાન-૭ પર

## સચિવાલયમાં ૩૪ સેક્શન અધિકારીઓને બઢતીનો હૂકમ

ગાંધીનગર, તા. ૧

સચિવાલયના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા ૩૪ જેટલા સેક્શન અધિકારીઓને ઉપસચિવ તરીકે બઢતી આપવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| એસ.પી. જૈન | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | આદિજાતિ વિકાસ વિભાગ | આદિજાતિ વિકાસ વિભાગ |
| એચ.એન. મહેતા | સેક્શન અધિકારી | ઉપ સચિવ |
| | નાણા વિભાગ | નાણા વિભાગ |
| એસ.એ. ત્રિવેદી | સેક્શન અધિકારી | ઉપ સચિવ |
| | કૃષિ સહકાર વિભાગ | કૃષિ સહકાર વિભાગ |
| એન.એ. દવે | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | ન.જ.પા.પુ. વિભાગ | મા.મ. વિભાગ |
| એ.બી. ગોહીલ | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | ગુ.ગૌ.સે.પ.મંડળ | ગુ.ગૌ.સે.પં. મંડળ |
| જે.જે. મિસ્ત્રી | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | આદિજાતિ વિકાસ વિભાગ | ગુ.રા. માહિતી આયોગ |
| શ્રીમતી પી.બી. પારેખ | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | મા.મ. વિભાગ | વૈદ્યાનિક સંસદીય વિભાગ |
| એ.આઈ. શાહ | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | ગૃહ વિભાગ | ખાણ વિભાગ |
| જી.એલ. દવે | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| એમ.કે. પંડીત | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | ગુજરાત તકેદારી આયોગ | અ.ન.પુરવઠા વિભાગ |
| એ.જે. ભાડેશીયા | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | વિજ્ઞાન પ્રોદ્યોગીકી વિભાગ | આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ |
| શ્રીમતી ટી.આર. સિદ્ધપુરા | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | આ.પ.કલ્યાણ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| એમ.વી. ઠાકર | સેક્શન અધિકારી | ઉપસચિવ |
| | સામાન્ય વહીવટ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com